દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ
તારીખ :- ૨૯/૧૨/૨૦૨૫

જનમિત્ર કાર્ડની નિષ્ફળતા પછી મ્યુનિ.નું નવું ગતકડું

# એક જ ટિકિટમાં AMTS-BRTS, મેટ્રોમાં ફરી શકાશે

## 1 વર્ષમાં યોજના શરૂ થશે, 472 કરોડ ખર્ચાશે

ઇન્ફ્રા રિપોર્ટર | અમદાવાદ

મ્યુનિ.એ અગાઉ સ્માર્ટ સિટી અમદાવાદ દ્વારા ‘વન સિટીઝન, વન કાર્ડ’ હેઠળ ‘જનમિત્ર કાર્ડ’ની શરૂઆત કરી હતી. આ કાર્ડનો ઉપયોગ બીઆરટીએસ, એએમટીએસ ઉપરાંત પ્રોપર્ટી ટેક્સ ભરવામાં, કોઈ પણ મોલમાં કરી શકાય છે તેવો દાવો કરાયો હતો. આ સિસ્ટમ પાછળ મ્યુનિ.એ અંદાજે 190 કરોડનો ખર્ચ કર્યો હતો. જોકે, મ્યુનિ.ની આ યોજના નિષ્ફળ ગઈ છે. હવે ફરીથી ઈન્ટિગ્રેટેડ ટ્રાન્ઝિટ મેનેજમેન્ટ સિસ્ટમ અને ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. સિમલેસ ટિકિટિંગનો લાભ મળશે. એક ટિકિટથી એએમટીએસ, બીઆરટીએસ, મેટ્રો, એસટીમાં મુસાફરી કરી શકાશે. ભવિષ્યમાં બુલેટ ટ્રેન, ઓલા-ઉબેર સાથે એમઓયુ કરાશે. આ પ્રોજેક્ટ પાછળ રૂ.472 કરોડનો ધુમાડો કરાશે. સ્ટેન્ડિંગ કમિટીમાં આ કામને આંખ મીંચીને મંજૂરી આપી દેવાઈ છે.